## સોમવાર, તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૬

### ૪૨૨.સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :–

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૩માં મળી હતી.

સમિતિની આ બેઠકમાં નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ હેઠળ **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા જિલ્લા/તાલુકાઓમાં સરદાર સરોવર (નર્મદા) યોજનાની અમલવારી અંગેની તપાસ હાથ** ધરવામાં આવી હતી.

સમિતિની ઉક્ત બેઠકમાં સરદાર સરોવર (નર્મદા) યોજના અન્વયેના બાકી કામો વિશે તથા કેનાલો વારંવાર તુટી જવી, તેના કામોની ગુણવત્તા, કેનાલના સાફ–સફાઈ અને મેઈન્ટેનસના ટેન્ડરો, જમીન સંપાદનમાં ખેડૂતોને વળતરને સંબિધિત પ્રશ્નોની ચર્ચા–વિચારણા કરી હતી અને ખેડૂતોને ડી.બી.ટીથી વળતર ચૂકવવા તથા જે ખેડૂતોની જમીન સંપાદન થઈ ગઈ છે અને વળતર મળ્યું નથી તેમને ઝડપથી વળતર ચૂકવવા માટે સમિતિએ ભલામણ કરી હતી. સમિતિમાં સભ્યશ્રીઓએ માંગેલ માહિતી ૧૫ દિવસમાં પૂરી પાડવા તથા ટૂંક સમયમાં સ્થળ તપાસ કરવાનો નિર્ણય કરીને સમિતિએ વિભાગની તપાસ મુલતવી રાખી હતી.

સમિતિની બેઠક બપોરના ૧:૩૨ કલાકે પૂરી થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**